# રાજ્યમાં ૨૪ કલાકમાં ૪૩૮ નવા કેસ, ૩૧ના મોત

## લોકડાઉનના અંતિમ દિવસે પણ મહામારીનું જોર : રાજ્યમાં કોરોનાથી સંક્રમિતોનો આંકડો ૧૬૭૯૪ ઉપર પહોંચી ગયો : રાજ્યમાં ૬૧ વ્યક્તિઓ વેન્ટીલેટર ઉપર

ગાંધીનગર,તા.૩૧

લોકડાઉન ચારના અંતિમ દિવસે કોરોના પર કાબુ મેળવી શકાયો નથી અને પોઝીટીવ કેસમાં સતત વધારો થતો જાય છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૩૮ કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક રેકોર્ડ બ્રેક કરતાં એક જ દિવસમાં ૩૧ જણા રાજ્યમાં કોરોનાને લીધે મોતને ભેટ્યા છે. કોરોનાને લીધે સંક્રમીત થયેલા લોકોનો આંકડો ૧૬૭૯૪ પર પહોંચ્યો છે. રાજ્યમાં આજે ૬૧ વ્યક્તિો વેન્ટીલેટર પર છે. લોકડાઉન ચારના અંતિમ દિવસે હજુ કોરોનાનો કેર યથાવત રહેતા રાજ્યમાં નવા ૪૩૮ દર્દી નોંધાતા કોરોનાને લીધે સંક્રમીત થયેલા લોકોનો કુલ આંકડો ૧૬૭૯૪ પર પહોંચ્યો છે. રાજ્યમાં આજે રેકોર્ડ બ્રેક ૩૧ લોકોના મોત કોરોનાને લીધે થયા છે. જેમાં અમદાવાદમાં ૨૦, પંચમહાલમાં ૩, પોરબંદર અને સુરતમાં ૨-૨, અમરેલી, અરવલ્લી, જામનગર અને રાજકોટ ખાતે ૧-૧ વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૧૦૩૮ મૃત્યુ નોંધાયા છે. આજે ૬૮૯ દર્દીઓ સાજા થઈને ઘરે ગયેલ છે. રાજ્યમાં આજે ૪૩૮ નવા કેસ નોંધાયા છે જેમાં અમદાવાદમાં ૨૯૯, સુરતમાં ૫૫, વડોદરામાં ૩૪, ગાંધીનગરમાં ૧૩, સુરેન્દ્રનગરમાં ૫, બનાસકાંઠામાં ૪, રાજકોટમાં ૪, વલસાડમાં ૪, પંચમહાલમાં ૩, ખેડામાં ૩, મહેસાણામાં ૨, ભરૂચમાં ૨, સાબરકાંઠામાં ૨, અરવલ્લીમાં ૧, પાટણમાં ૧, દેવભૂમિ દ્વારકામાં ૧, જુનાગઢમાં ૧, પોરબંદરમાં ૧, અમરેલીમાં ૧ અને અન્ય રાજ્યના ૨ વ્યક્તિનો સમાવેશ થાય છે. રાજ્યમાં કુલ ૫૮૩૭ એક્ટીવ કેસ છે. જેમાં સ્ટેબલ ૫૭૭૬ અને ૬૧ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં આજે જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે ૨૪૪૯૯૯ વ્યક્તિઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૩૭૦૮૬ વ્યક્તિ હોમ કોવરોન્ટાઈન છે અને ૭૯૧૩ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૧૧૯૩૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

### બનાસકાંઠામાં વધુ સાત વ્યક્તિને કોરોના રિપોર્ટ પોઝિટિવ

બનાસકાંઠામાં રવિવારે વધુ ૭ વ્યક્તિને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ડીસા ૩, દાંતીવાડા ૨ અને ધાનેરા ૨ સહીત સાત દર્દીઓ પોઝેટીવ આવતાં પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો હતો. બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ પુનઃ માથું ઊંચકી રહ્યો છે. જ્યાં રવિવારે વધુ ૭ વ્યક્ત કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાના ડીસાના અંબિકાનગરમાં ૨૬ વર્ષનો યુવક, રાજપુરમાં ૧૦ માસનો બાળક અને રેલવે સ્ટેશન વિસ્તારમાં ૨૬ વર્ષની યુવતીને દાંતીવાડા તાલુકાના ભાખર મોટી ગામે ૧૬ વર્ષનો યુવક, રણોલ ગામે ૨૬ વર્ષનો યુવક અને ધાનેરા વ્હોરવાસમાં ૪૦ વર્ષના બે યુવકો મળી સાત દર્દીઓ પોઝેટીવ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૧૭ થવા પામી છે. જ્યારે કોરોનાથી કુલ ૫ વ્યક્તિઓના મોત થયા છે. ઉલ્લેખનીય છે કે, જિલ્લા બહારથી આવતાં લોકો કોરોનાનો ચેપ પુનઃ પ્રસરાવી રહ્યા છે. રવિવારે નોંધાયેલા મોટાભાગના દર્દીઓ પણ અમદાવાદ, સુરતની હિસ્ટ્રી ધરાવતાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૨૧૮૦ | ૮૪૨ | ૬૯૧૮ |
| સુરત | ૧૬૨૦ | ૬૯ | ૧૧૦૨ |
| વડોદરા | ૧૦૪૩ | ૩૯ | ૫૯૫ |
| ગાંધીનગર | ૨૭૪ | ૧૪ | ૧૫૭ |
| ભાવનગર | ૧૨૧ | ૦૮ | ૧૦૨ |
| બનાસકાંઠા | ૧૧૧ | ૦૫ | ૮૯ |
| આણંદ | ૯૯ | ૧૦ | ૮૨ |
| રાજકોટ | ૧૧૨ | ૦૨ | ૭૦ |
| અરવલ્લી | ૧૧૦ | ૦૪ | ૧૦૦ |
| મહેસાણા | ૧૧૪ | ૦૫ | ૭૩ |
| પંચમહાલ | ૮૮ | ૧૦ | ૭૧ |
| બોટાદ | ૫૯ | ૦૧ | ૫૪ |
| મહીસાગર | ૧૧૫ | ૦૨ | ૪૧ |
| ખેડા | ૬૯ | ૦૪ | ૫૧ |
| પાટણ | ૭૯ | ૦૬ | ૬૨ |
| જામનગર | ૫૪ | ૦૨ | ૩૭ |
| ભરૂચ | ૪૦ | ૦૩ | ૩૪ |
| સાબરકાંઠા | ૧૦૩ | ૦૩ | ૫૧ |
| ગીર-સોમનાથ | ૪૫ | ૦૦ | ૩૪ |
| દાહોદ | ૩૬ | ૦૦ | ૨૬ |
| છોટાઉદેપુર | ૩૩ | ૦૦ | ૨૩ |
| કચ્છ | ૮૦ | ૦૨ | ૪૮ |
| નર્મદા | ૧૮ | ૦૦ | ૧૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૩૯ | ૦૧ | ૧૨ |
| નવસારી | ૨૫ | ૦૦ | ૧૨ |
| જૂનાગઢ | ૩૦ | ૦૦ | ૨૪ |
| પોરબંદર | ૧૦ | ૦૨ | ૦૪ |
| સુરેન્દ્રનગર | ૩૮ | ૦૧ | ૧૬ |
| મોરબી | ૦૪ | ૦૦ | ૦૩ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૨ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૧૦ | ૦૧ | ૦૨ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| કુલ | ૧૬૭૯૪ | ૧૦૩૮ | ૬૯૧૯ |

## ગુજરાત માથે વાવાઝોડાના ખતરાથી દરિયાકાંઠા એલર્ટ

### રાજ્યના બધા દરિયાકાંઠાને એલર્ટ અપાયા છે : વાવાઝોડાની તીવ્રતા આધારે ૧૧ સુધી સિગ્નલ આપવામાં આવે છે

અમદાવાદ, તા. ૩૧

ગાળની ખાડીમાં આવેલા ચક્વાતી તોફાન અમ્ફાન બાદ હવે ગુજરાતના સમુદ્ર તટ પર હિકા ચક્વાતનો ખતરો મંડરાઈ રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ તરફથી એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે કે, ગુજરાતમાં બે સમુદ્રી તોફાનનો ખતરો મંડરાઈ રહ્યો છે. જેમાંથી પહેલુ તોફાન ૧થી ૩ જૂન વચ્ચે સમુદ્ર કિનારે ટકરાઈ શકે છે. જ્યારે બીજુ હિકા નામનું વાવાઝોડુ ૪થી ૫ જૂન વચ્ચે ગુજરાતના દ્વારકા ઓખા અને મોરબીમાં ટકરાઈ, કચ્છ તરફ જઈ શકે છે. આ દરમિયાન હવાની સ્પીડ લગભગ ૧૨૦ કિમી કલાકની રહેશે. જેને પગલે ગુજરાતમાં ભારે તાબાહી સર્જાઈ શકે છે.તંત્ર દ્વારા હાલમાં અરબી સમુદ્રના ડીપ ડિપ્રેશનને લઈ ગુજરાતના સમુદ્ર તટના વિસ્તારમાં એક નંબરનું સિગ્નલ જાહેર કરી દીધુ છે, સાથે માછીમારોને સમુદ્રમાં ન જવાની સલાહ આપવાાં આવી છે. વાવાઝોડાના સંકટ વચ્ચે ગુજરાતના દરિયાકાંઠે એલર્ટ આપવામાં આવ્યું છે. ૧૦ જિલ્લાના દરિયાકાંઠે ૧ નંબરનું સિગ્નલ લગાવાયું છે. પોરબંદર, દ્વારકા અને અમરેલી, માંગરોળ, દીવ, ગીરસોમનાથમાં ૧ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. કચ્છ, મોરબી, ભાવનગર અને વલસાડમાં પણ ૧ નંબરનું સિગ્નલ લગાવાયું છે. ૪ અથવા ૫ જૂને 'હીકા' વાવાઝોડું ત્રાટકી શકે છે.




સચિવાલયની કામગીરી ધીમે ધીમે શરૂ થઈ ચુકી છે. જો કે રવિવારની રજાના કારણે પુનઃ અહીં સન્નાટો જોવા મળ્યો હતો. સચિવાલયનો રસ્તો રવિવારના કારણે પ્રતિબંધિત કરાયો હોવા છતાં કેટલાક વ્યકિતઓ જોખમી રીતે તેને પસાર કરતા નજરે ચઢી રહ્યા છે.

## રાજભવન સ્ટાફ ક્વાર્ટરમાંથી એક જ સ્થળેથી ધામણ પ્રજાતિના બિનઝેરી એવા ત્રણ સાપ પકડવામાં આવ્યા

ગાંધીનગર, તા.૩૧

આજે સવારે આઠ વાગ્યે રાજભવન સ્ટાફ ક્વાર્ટર ખાતે દિગ્વિજયસિંહ વાઘેલાને સાપ નજરે પડતાં તેમણે તુરંત જ બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક સેક્ટર ૭ ડી, ગાંધીનગર ખાતે બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા અને સાપ અને પક્ષી બચાવવાની નિઃશુલ્ક અને નિરંતર સેવા આપતા પર્યાવરણ પ્રેમી પ્રદીપ સોલંકીને ફોન કરીને બોલાવ્યા હતા ત્યાં આગળ ખાળકુવાની વણવપરાયેલી લાઈનમાં છુપાયેલા સાપને બહાર કાઢવા માટે ફુલ ફોર્સથી પાણી નાખતા એક સાપ બહાર નિકળતા તેને પ્રદીપભાઈએ પકડી લીધેલ. તેજ ખાળકુવામાં બીજો પણ સાપ છુપાયેલ હતો તેને પણ થોડી મહેનતના અંતે બહાર નિકળતા પકડી પાડવામાં આવતા ત્રીજા પણ સાપે દેખા દીધી હતી. જેને પણ મહેનત કરીને બહાર કાઢી પકડી પાડવામાં આવેલ. આમ બે કલાકની મહેનત પછી ધામણ પ્રજાતિના બિનઝેરી એવા ત્રણ સાપનું રેસ્કયુ કરવામાં આવ્યું હતું. આમ સવાર સવારમાં જ કુલ ત્રણ સાપ પકડવામાં આવતા રાજભવન સ્ટાફ ક્વાર્ટરના રહીશો એ રાહતનો શ્વાસ લીધો હતો અને ત્યાં હાજર સહુ રહીશો દ્વારા પ્રદીપભાઈનો આભાર માનવામાં આવ્યો હતો. પ્રદિપભાઈ દ્વારા ત્યારબાદ ત્રણેય સાપને માનવ વસ્તીથી દૂર જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યા હતા.







## લો, બજારમાં આવી ગયા નવા ડિઝાઇનર માસ્ક..!!

આજથી લોકડાઉનનો અંત આવી ગયો છે અને હવે થોડાક નીતિનિયમો તેમજ થોડાક પ્રતિબંધો સાથે અનલોક-૧ શરૂ થઈ રહ્યું છે. આ સ્થિતિમાં સરકાર દ્વારા ફેસમાસ્ક પહેરવું ફરજિયાત બનાવાયું છે અને જો કોઈ વ્યક્તિએ જાહેરમા માસ્ક પહેરેલો નહીં હોય તો તેને રૂ. ૨૦૦નો દંડ ફટકારવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. આમ તો બજારમાં સસ્તા માસ્કથી માંડીને એન-૯૫ સુધીના જુદી જુદી વેરાયટીમાં માસ્ક મળી રહ્યા છે જેમાં આગળ અલગ પ્રકારનું મટિરિયલ, ડિઝાઈન તેમજ લેયર્સ વગેરેનું વૈવિધ્ય પણ જોવા મળે છે, આ સિવાય સાદો હાથરૂમાલ, ગમછો કે દુપટ્ટાનો પણ માસ્ક તરીકે ઉપયોગ કરી શકાશે પરંતુ હવે જ્યારે ફરજિયાત માસ્ક પહેરવાનું જ છે તો શા માટે તેને પણ પોતાની એક સ્ટાઈલ બનાવીને ના પહેરીએ? બસ આજ વિચાર સાથે ગાંધીનગરના સેક્ટર-૨૨માં રહેતા કેતન પટેલ નામના યુવાને ડિઝાઈનર માસ્ક બનાવ્યા છે જે શહેરમાં યુવા વર્ગમાં લોકપ્રિય થઈ રહ્યા છે. પોલિકોટન મટિરિયલ્સમાંથી બનેલા આ માસ્ક પર ડિજિટલ પ્રિંટિંગ કરવામાં આવ્યું છે જેથી ટેટુની જેમ યુવાનો પોતાની પસંદગીની થીમ, ચિત્ર કે મેસેજ સાથે પોતાની અલગ પહેચાન રજૂ કરતો માસ્ક બનાવડાવી શકે છે. આ માસ્ક વૉશેબલ છે અને આ માસ્કની કિંમત પણ માત્ર રૂ.૫૦ની છે જેના કારણે ઝડપથી પસંદગીપાત્ર બની રહ્યા છે.

### શહેરમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહેઠાણની આસપાસના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરતુ જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરી દીધુ છે. આ ઉપરાંત સે. ૨૬ માંથી આજે કોરોના પોઝીટીવનો દર્દી મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૬૫ વર્ષની વયના વૃદ્ધ જે ડાયાબીટીસ અને હાઈપર ટેન્શનથી બિમારી ધરાવે છે તેઓ ૨૬ મીએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ગયા હતા. ગઈકાલે સાંજે તેમના નમૂના મેળવી તપાસ માટે મોકલવામાં આવતાં તેમનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ વૃદ્ધને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

આ વૃદ્ધના પરિવારના ૬ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. તંત્ર દ્વારા આ વૃદ્ધના ઘર તેમજ તેની આસપાસના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરતુ જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરી દીધુ છે.

મળતી વિગતો પ્રમાણે સેનીટાઈઝેશન ઉપરાંત સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ પણ તંત્ર દ્વારા આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં નોંધાયેલા ૯૯ કેસો પૈકી ૬૮ દર્દી રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. બે દર્દીના સારવાર દરમ્યાન મૃત્યુ થયા છે. જ્યારે હાલ ૨૯ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

### કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

જણાય તો વેપારી દંડાશે પરંતુ કઠોળ, દાળ, અનાજમાં એન્ટીબાયોટીક દવાઓ તો ખેડૂતો દ્વારા વાવણીમાં જ નાંખવામાં આવે છે.

ફુડ સેફટી એકટનો હેતુ પ્રજાના આરોગ્યનું રક્ષણ કરવાનો છે. વેપારીઓને પરેશાન કરવાનો નથી. પ્રજાના આરોગ્યની રક્ષણની જવાબદારી કોઈએ સરકારને સોંપી નથી પ્રજાના રક્ષણના બહાને અધિકારીઓને અમાનુષિ સત્તા સોંપવામાં આવી છે. જેનો તે ધારે તે રીતે બેફામ ઉપયોગ કરી ભ્રષ્ટાચાર આધરે છે જેકાયદા ઘડવામાં આવ્યા છે તેનો ખરેખર અમલ પ્રજા કે વેપારી માટે શકય જ નથી. આવા કાયદાને મનસુફીથી તોડીને મુકવાથી પ્રજા ગુન્હાહિત લાગણી સાથે જીવ્યા કરે છે. ખાદ્ય પદાર્થનો વેપાર કરતા વેપારીઓને છાપેલા ફોર્મમાં બાંહેધરી આપવાની હોય છે. ખાદ્ય પદાર્થમાં કોઈ ભેળસેળ નથી અથવા આરોગ્યને હાનિ પહોંચે તેવા કોઈ જ પદાર્થનો ઉપયોગ કરેલ નથી પરંતુ જો ખેડૂતો જ રાસાયણિક દવાથી પકવે અને અનાજમાં એન્ટીબાયોટીક પદાર્થ જણાય તો તેમાં વેપારી દંડાય છે. તુવેર દાળ, કઠોળ, ઘઉં, અનાજે દિવેલથી મોવાની પરંપરા આદિકાળથી ચાલી આવે છે જે બદલવી મુશ્કેલ જ નહિ નામુમકીન જણાય છે.

### કોરોનાનો ચેપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેસ્ટ કર્યો હતો. જે પોઝીટીવ આવ્યો હતો. તે પહેલાં ગત ૫મીએ એક આધેડ વ્યક્તિનું મોત નિપજ્યું હતું. તે પણ કોરોનાનો શંકાસ્પદ દર્દી હતો. તેનાં અંતિમ સંસ્કારમાં પણ મોટીસંખ્યામાં લોકો એકત્ર થયા હતા. તે પૈકી ૨૦ વધુ લોકો પાછળથી ચેપગ્રસ્ત નોંધાયા હતા. આરોગ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે મહિલાનાં મૃત્યુ બાદ સેન્ટ્રલ હોસ્પિટલમાં મૃત્તકના પરિવારજનોને તમામ નિયમોથી અવગત કરાયા હતા. તેમજ મૃત્તદેહને કોઈપણ રીતે અડવાની પણ મનાઈ ફરમાવી હતી. તેમજ જે બેગમાં શબને પેક કરવામાં આવ્યું હતું, તેને ખોલવાની પણ ના પાડી હતી. પરંતુ તે પછી આરોગ્ય વિભાગના લોકોએ જણાવ્યું કે અંતિમવિધિમાં ૭૦ લોકો હાજર રહ્યા હતા. તેમજ શબને અંતિમ સંસ્કાર પૂર્વે બેગમાંથી બહાર કાઢીને સ્નાન પણ કરાવ્યું હતું. આ વાત સામે આવતાં જ ૫૦થી વધુ લોકોને ક્વોરન્ટીન કરાયા હતા. તેમાંથી ૧૮નો પોઝીટીવ રિપોર્ટ આવ્યો છે. હવે આરોગ્ય વિભાગની ટીમો તેમનાં સંપર્કમાં આવેલા લોકોને ટ્રેસ કરી રહી છે. તેની સાથે મૃત્તક મહિલાનાં પરિવારની સામે ગુનો નોંધવાની પણ તૈયારી કરી દેવાઈ છે.

### ...તો તને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોવિડ કેર સેન્ટરમાં મોરચો સંભાળતા મેડીકલ અને પેરા મેડીકલ સ્ટાફની ચિંતા તેમના પરિવારજનો કરે છે. ખરા અર્થમાં ફ્રન્ટલાઈન વોરીયર બનેલા આવા કોરોના વોરીયર્સને સલામ છે. ગાંધીનગરની આવી જ એક દીકરી કોરોના વોરીયર તરીકે છેલ્લા અઢી મહિનાથી સતત મોરચો સંભાળી રહી છે. સેક્ટર-૭ માં રહેતી ડૉ. હીના પટેલ હજુ ગયા વર્ષે જ એમબીબીએસ પૂર્ણ કર્યુ છે. તેઓ છેલ્લા પાંચ-છ મહિનાથી સોલા સિવિલ હોસ્પિટલમાં રેસીડન્ટ ડૉક્ટર તરીકે જોડાયા છે. ડૉ. હીના પટેલ કહે છે કે માર્ચ મહિનામાં જ અહી કોરોના અંગે એલર્ટ જાહેર કરી દેવાયુ હતુ. તાવ-શરદી-ખાંસીના દર્દીઓને ચકાસીને શંકાસ્પદના ટેસ્ટ કરવાની કામગીરી શરૂ થઈ હતી. શરૂઆતમાં પોઝીટીવ દર્દીઓને અહીં રાખવામાં આવતા ન હતા. પરંતુ દર્દીઓ વધતા હોસ્પિટલને કોવિડ હોસ્પિટલમાં ફેરવી દઈ તેમને અહી સારવાર આપવાનુ શરૂ કરાયુ. હાલમાં અહીના છ માળ સુધી કોવિડના દર્દીઓ દાખલ છે. તેઓને સારવાર આપવાની અને નવા દર્દીઓને ચકાસવાની અમારી ડ્યુટી સતત ચાલુ છે. એક પણ ઓફ મળતો નથી. દરરોજ નાઈટ ડ્યુટી હોય છે. અહીંના મેડીકલ અને પેરા મેડીકલ સ્ટાફને પણ દર્દીઓના સતત સંપર્કના કારણે કોરોના થયો છે. જેના કારણે પરિવારજનોને મારી ખૂબ જ ચિંતા રહે છે. તેઓ વારંવાર મને ઘરે આવવા કહે છે પરંતુ ડૉ. હીના પટેલ કહે છે કે મારા પરિવારમાં ચાર સભ્યો છે. જો હુ ઘરે જાઉ તો તેમને પણ કોરોનાનો ભય રહે. આથી હુ છેલ્લા અઢી મહિનાથી ઘરે નથી ગઈ અને અહીં જ ગર્લ્સ હોસ્ટેલમાં રહી પોતાની ડ્યુટી નીભાવી રહી છુ. પરિવારજનો ખાસ કરીને મારી મમ્મી મને અવારનવાર રાજીનામુ મૂકીને ઘરે આવવા કહે છે પરંતુ મારે તેમને સમજાવવા પડે છે કે આ મારી ફરજ છે અને આના માટે જ તેઓએ તબીબ બનવાનુ પસંદ કર્યુ છે.

આવી જાંબાઝ, હિંમતવાન અને કર્તવ્યનિષ્ઠ દીકરી પર એકે એક ગાંધીનગરાઓને ગૌરવ છે.

### મર્સિડીઝ કાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોડી સાંજે તળાવમાંથી કાર પણ મળી આવી હતી. તળાવમાંથી કાર બહાર નીકાળી પોલીસને સોંપવામાં આવી હતી. અડાલજ પોલીસે અકસ્માત અંગે ગુનો દાખલ કરી મૃતકની ઓળખ માટે ચક્રો ગતિમાન કર્યા છે. તો બીજી તરફ ગ્રામજનોના કહ્યા મુજબ આ કારમાં એક યુવતી હોવાની આશંકાને પગલે તળાવમાં તે અંગે પણ ફાયર બ્રિગેડની મદદથી શોધખોળ ચાલી રહી છે.

### બસ સેવા... ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહી છે. જેમાં પ્રાથમિક તબક્કે જરૂરી સેવાઓ શરૂ કરવામાં આવી રહી છે. રાજયમાં છેલ્લા ૬૮ દિવસથી એસ ટી બસના પૈડા થંભી ગયા છે. એસ ટી સેવા બંધ રહેતા નિગમને પણ કરોડો રૂપિયાનુ નુકશાન થયુ છે. કોરોનાની મહામારી વચ્ચે લોકડાઉનની સ્થિતિમાં શહેરના માર્ગો પર છેલ્લા ઘણાં સમયથી ટ્રાફિકની અવરજવર વિના સુમસામ ભાસતા હતા. જયારે લોકડાઉનમાં અપાયેલી છુટછાટના અંતે ધીમે ધીમે વેપાર ધંધા ધમધમતા થયા છે. બીજીતરફ સરકારી કચેરીઓ પણ કાર્યરત થઈ ગઈ છે જયારે નવા સચિવાલયમાં મંત્રીઓના કાર્યાલયો ઉપરાંત સરકારની જુદી જુદી કચેરીઓમાં નિયમના પાલન મુજબ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આવા સંજોગોમાં છેલ્લા ૬૮ દિવસથી બંધ એસ ટી બસ સેવા પુન: શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. ગાંધીનગર ડેપોમાંથી દોડતી પોઈન્ટ બસ સેવા આજથી શરૂ કરી દેવાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયમાં સચિવાલય સહીતની વિવિધ સરકારી કચેરીઓ પણ ૧ જુનથી શરૂ કરી દેવા માટે નિર્ણય લીધો છે. ત્યારે રાજય સરકારના કર્મચારીઓ માટે દોડતી પોઈન્ટ બસ સેવા પણ શરૂ કરી દેવાશે. તા ૧ જુનથી શરૂ થનારી આ બસ સેવા અન્વયે કોરોનાની મહામારીને અનુલક્ષી નિયમો પણ નક્કી કરાયા છે. જેમાં પોઈન્ટ બસ સેવા અમદાવાદના કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાંથી ગાંધીનગર આવવા માટે શરૂ કરાશે. વાહન વ્યવહાર મંત્રી આર સી ફળદુએ આ અંગે જણાંવ્યુ છે કે ગૃહ વિભાગના જાહેરનામા મુજબ આ બસ સેવા બસની કુલ પેસેન્જર ક્ષમતાના ૫૦ ટકા મુસાફરો સાથે જ દોડશે. પોઈન્ટ બસ સેવામાં કોઈપણ મુસાફર ઉભા રહીને મુસાફરી કરી શકશે નહીં. જયારે આ બસ પોઈન્ટ ટુ પોઈન્ટ રૂટમાં જ દોડશે વચ્ચેથી પેસેન્જર લેવાશે નહીં. મુસાફરોએ માસ્ક ફરજિયાત પહેરીને સોશિયલ ડીસ્ટન્સીંગનુ પાલન કરવાનુ રહેશે. જયારે બસમાં પ્રવેશ પુર્વે તમામ મુસાફરોનુ ટેમ્પ્રેચર ગનથી ચેકીંગ પણ કરવામાં આવશે. જેને અનુલક્ષી પ્રત્યેક મુસાફરોને બસ ઉપડવાની હોય તેના ૧૫ મિનિટ પહેલા પોઈન્ટ પર પહોંચવાનુ રહેશે જયારે દરેક ટ્રીપના અંતે બસને સંપુર્ણ સેનેટાઈઝ કરવામાં આવશે.

### વિપરિત અસર

● અનુસંધાન પહેલાનું ચાલુ

માર્કેટને રિકવર થવામાં વધારે સમય લગાડી શકે છે. પારલે પ્રોડક્ટ્સે કહ્યું, અંદાજે ૫૮ લાખ નાની કિરાણા સ્ટોર્સ જે ઘર અથવા રોડના કોર્નર પરથી ચા, પાન વેચતી હતી. તેમાંથી ૧૦ ટકા દુકાનો એપ્રિલ અને મે મહિનામાં બંધ થઈ ગઈ છે. પારલેના કેટેગરી હેડ બી. ક્રિષ્ના રાવએ કહ્યું, ડિસ્ટ્રીબ્યુટર્સે આવા દુકાન માલિકો પાસેથી પૈસા ગુમાવી દીધા છે. મોટાભાગની દુકાનો કાયમ માટે બંધ થઈ ગઈ છે. દુકાનોના માલિક ગામડે પાછા જતા રહેલા ૧-૨ ટકા દુકાનો બંધ થઈ ગઈ છે અને આગામી ૫-૬ મહિનાઓ માટે તે બંધ રહી શકે છે. જો કે તેમાંથી કેટલીક દુકાનો ખુલી શકે છે, પરંતુ તેમ છતાં બંધ દુકાનોની અસર કંપનીને થશે. બ્રિટાનીયા ઈન્ડસ્ટ્રીના મેનેજિંગ ડિરેક્ટર વરુણ બેરીએ કહ્યું, 'મોટાભાગની દુકાનો થોડા સમય માટે બંધ છે અને એકવાર લોકડાઉન ઉઠાવી લેવાશે તો તેઓ ફરીથી પાછી ખુલી જશે. જો કે તેમ છતાં કેટલીક કરિયાણાની દુકાનો લાંબા સમય માટે બંધ રહી શકે છે.'

### દર્દ છલક્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિયંત્રણમાં લાવવા માટેના દેશના કૌશલ્યપૂર્ણ પ્રયાસો એળે ન જવા જોઈએ. પ્રધાનમંત્રીએ આપણા દેશવાસીઓ સેવાનો જે જુસ્સો બતાવ્યો તેની પ્રશંસા કરતા કહ્યું હતું કે, આ જ આપણી સૌથી મોટી તાકાત છે. તેમણે કહ્યું કે, આપણે- સેવા પરમો ધર્મ ઉક્તિથી પરિચિત છીએ; સેવાથી આનંદ મળે છે... સેવા જ સંતોષ છે. સમગ્ર દેશમાં તબીબી સેવાઓમાં જોડાયેલા કર્મચારીઓ પ્રત્યે ઘેરા આદરની લાગણી વ્યક્ત કરતા પ્રધાનમંત્રીએ સમગ્ર દેશમાં કાર્યરત ડૉક્ટરો, નર્સિંગ સ્ટાફ, સફાઈ કામદારો, પોલીસ જવાનો અને મીડિયા કર્મચારીઓની ફરજ નિષ્ઠાને બિરદાવી હતી. તેમણે કટોકટીના આ સમયમાં સ્વ-સહાય સમૂહોની મહિલાઓ દ્વારા કરવામાં આવેલા નોંધપાત્ર કામની પણ પ્રશંસા કરી હતી. તેમણે તામિલનાડુના કે.સી. મોહન, અગરતલાના ગૌતમ દાસ, પઠાણકોટના દિવ્યાંગ રાજુના દ્રષ્ટાંતોનો ઉલ્લેખ કર્યો હતો જેમણે મર્યાદિત માધ્યમો વચ્ચે પણ આગળ આવીને કટોકટીના આ સમયમાં બીજા લોકોને મદદ કરી હતી. તેમણે ઉમેર્યુ હતું કે, સમગ્ર દેશમાં ખૂણે ખૂણામાંથી સ્વ સહાય સમૂહોની મહિલાઓના ખંતની સંખ્યાબંધ ગાથાઓ અહીં રજૂ થઈ શકે તેમ છે. મહામારીના આ સમયનો સામનો કરવા માટે સક્રિયતાપૂર્વક કામ કરનારી દરેક વ્યક્તિના પ્રયાસોને પ્રધાનમંત્રીએ બિરદાવ્યા હતા. તેમણે નાસિકના રાજેન્દ્ર યાદવનું ઉદાહરણ આપ્યું હતું.